**સેશન્સ કેસ નં. ૧૫૩/૧૫**
**સેશન્સ કેસ નં. ૨૮/૧૬**
**સેશન્સ કેસ નં. ૧૪૨/૧૬**
**સેશન્સ કેસ નં. ૧૫૮/૧૬**

**આંક–૯૫૫ ની અરજી નીચે હુકમ**

(૧) ફરીયાદ પક્ષે હાલની અરજી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૯૧ ની જોગવાઈ મુજબ હાથ ઉપરના કેસના બનાવ અંગે અગાઉ સુનાવણી થઈ ફેસલ થઈ ગયેલ તેવા સ ેશન્સ કેસ નં. ૬૯/૦૯, ૭૦/૦૯, ૮૬/૦૯, ૨૦૪/૦૯ ના કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ સાહેદોની જુબાની તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જેવા કે ઈન્જરી સર્ટીફીકેટ, પોષ્ટમોર્ટમ રીપોર્ટ, એકસપર્ટ રીપોર્ટ વિગેરે તમામ રેકર્ડ અદાલતમાં ફરજ બજાવતા એવા જે કારકુનની કસ્ટડીમાં રહેલ છે તે કારકુન મારફતે હાલના હાથ ઉપરના કેસમાં રજુ કરવા માટે દાદ માંગેલ છે. જે હાલની અરજી તથા આરોપી તરફે હાલની અરજી સબબ રજુ થયેલ આંક–૯૬૦ ના વાંધા વંચાણે લેવામાં આવ્યા તેમજ ફરીયાદ પક્ષે હાજર રહેલ વિ. સ્પે. એ.પી.પી. શ્રી એન.એન.પ્રજાપતિની દલીલો સાંભળી.

(૨) ફરીયાદ પક્ષે વિ. સ્પે. એ.પી.પી. શ્રી એન.એન.પ્રજાપતિ ધ્વારા એવી દલીલ થયેલ છે કે, હાલના ગુના સબબ હાલની અરજીમાં જણાવેલ સેશન્સ કેસ ના કામે ફરીયાદ પક્ષે તપાસાયેલા સાહેદોનો રેકર્ડ થયેલ મૌખિક પુરાવો તેમજ અન્ય દસ્તાવેજી પુરાવા જેવા કે ઈન્જરી સર્ટીફીકેટ, પોષ્ટ મોર્ટમ રીપોર્ટ, સહીતનાં મેડીકલ પુરાવાઓ એફ.એસ.એલ. રીપોર્ટ, પંચનામાઓ વિગેરે રજુ થયેલ અને તે કામે તમામ પુરાવાને આંક પડેલ છે, અને અગાઉનાં સેશન્સ કેસો ફેસલ થયેલ છે, જેથી તે ફેસલ થયેલ સેશન્સ કેસના કામે ઉપર મુજબના તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવા લગત આસીસ્ટન્ટ ધ્વારા હાથ ઉપરનાં કેસોમાં હાજર રહી રજુ થાય તે જરૂરી છે. આ અરજી મંજુર થવાથી આરોપી પક્ષને કોઈ નુકશાન નથી તેમજ હાથ ઉપરના કેસના ન્યાયિક નિકાલ માટે હાલની અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) આમ હાલની અરજી તથા ઉપર મુજબ ફરીયાદ પક્ષે રજુ થયેલ રજુઆત તથા હાથ ઉપરના કેસનુ રેકર્ડ વિચારણામાં લેતાં હું ફરીયાદ પક્ષે થયેલ દલીલ સાથે સહમત થઈ શકતો નથી કારણ કે હાલની અરજી થી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૯૧ ની જોગવાઈ મુજબ ફરીયાદ પક્ષ જે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા હાલના કેસમાં રજુ કરવા માંગે છે તે તમામ પુરાવા અગાઉ ટ્રાયલ ચાલી ફેસલ થયેલ સેશન્સ કેસ નં. ૬૯/૦૯, ૭૦/૦૯, ૮૬/૦૯, ૨૦૪/૦૯ નું અગત્યનું રેકર્ડ છે, અને સદર તમામ એટલે કે ઉપરોકત ફેસલ થયેલ સેશન્સ કેસના કામે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની ખરી નકલ ખુદ ફરીયાદ પક્ષ ધ્વારા જ આ કામે આંક–૧૨ ના લીસ્ટ સાથે હાથ ઉપરના કેસમાં રજુ થયેલ છે, અને સદર આંક–૧૨ ના સાથે રજુ થયેલ તમામ દસ્તાવેજો આરોપી પક્ષે સ્પષ્ટ પણે શેરો કરી આપી કબુલ કરેલ છે અને પુરાવામાં વંચાણે લેવામાં આવે તો વાંધો નથી અને આંકે પાડે તેમાં પણ વાંધો નથી તેવી રજુઆત કરતાં ફરીયાદ પક્ષે રજુ એવા તમામ પુરાવાને હાલની અદાલત ધ્વારા આંક આપવામાં આવેલ છે. જો ફરીયાદ પક્ષ એવું માનતા હોય કે ફરીયાદ પક્ષ તરફે હાથ ઉપરના કેસમાં આંક–૧૨ ના લીસ્ટ સાથે રજુ થયેલ સાહેદોની મૌખિક જુબાની તેમજ દસ્તાવેજી પુરાવામાં કોઈ જાતની ખામી રહેલ છે તો ફરીયાદ પક્ષ સહેલાઈ થી ઉપર નોંધ્યુ અને ફેસલ થયેલ સેશન્સ કેસના કામે રજુ થયેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની ખરી નકલ માંગી મેળવી હાથ ઉપરના કેસમાં રજુ કરી શકે છે અને તે માટે ફરીયાદ પક્ષને કોઈ બાધ નડતો નથી.

(૪) માનવા ખાતર માની લેવામાં આવે કે જો હાલની અરજી મંજુર કરવામાં આવે તો ફરીયાદ પક્ષે રજુ કરવા ધારે છે તે તમામ પુરાવા સહીતનુ રેકર્ડ અત્રેની ડીસ્ટ્રીકટ કોર્ટમાં ફરજ બજાવતા આસીસ્ટન્ટ કે શીરસ્તેદાર ના કબજામાં રહેલ છે તે રેકર્ડ હાથ ઉપરના કેસમાં રજુ કરવાનો હુકમ કરવાથી ફરીયાદ પક્ષનો હેતુ પુર્ણ થાય તેમ નથી

કારણ કે  ફરીયાદ પક્ષે અગાઉના કેસનુ રેકર્ડ માત્ર નિરીક્ષણ અર્થે રજુ કરવા માંગતા હોય તેવી રજુઆત નથી. પરંતુ હાથ ઉપરના કેસમાં  સદર કેસનો નિકાલ થાય ત્યાં સુધી રેકર્ડ તરીકે સામેલ કરાવવા રજુઆત થયેલી છે. પરંતુ આવુ તમામ રેકર્ડ જયારે  અગાઉ ફેસલ થયેલ સેશન્સ કેસોના કામે જાહેર થયેલ ઠરાવ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાખલ થયેલ  અપીલના કામે  જાહેર થયેલ જજમેન્ટની સામે  તે કેસના આરોપીઓ આરોપી ધ્વારા નામદાર સુપ્રિમ કોર્ટમાં એસ.એલ.પી. દાખલ કરવામાં આવેલ છે ત્યારે  નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષ આવુ રેકર્ડ રજુ કરવાની જરૂરિયાત રહે  તેવી આરોપી તરફે  આવી સ્પષ્ટ રજુઆત થયેલી છે જેથી અને ફરીયાદ પક્ષ પોતે આધાર રાખતા હોય તેવા મૌખિક અને દસ્તાવેજી પુરાવાની ખરી નકલ  મેળવી આ કામે રજુ રાખી શકે છે જેથી ઉપર ચર્ચા કર્યા મુજબના તમામ કારણોસર હાલની અરજી મંજુર થવાને પાત્ર ન હોય રદ કરવી ન્યાયિક કારણ જણાતુ હોય નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**–:: હુકમ ::–**

હાલની અરજી રદ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તાઃ ૨૬/૦૩/૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(હર્ષિત સી. વોરા)
એડી. સેશન્સ જજ,
કેમ્પ એટ સાબરમતી સેન્ટ્રલ જેલ,
અમદાવાદ.
CODE–GJ00359

તાઃ ૨૬/૦૩/૨૦૧૮
ગોધરા.

( આર.એ.શર્મા)